# પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા કાર્યક્રમ

નરેશકુમાર સી. પટેલ
લેક્ચરર,
DIET, અમદાવાદ

*જી.સી.ઈ.આર.ટી.ના માર્ગદર્શન તળે કાર્યરત દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ અંતર્ગત નૂતન પ્રયોગો હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમો દ્વારા શાળાઓને શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવે છે. વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને સંસ્કારલક્ષી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો આગ્રહ રાખવામાં આવે છે. શાળા ભાવાવરણનું નિર્માણ થાય, ઉત્તમ લોકસહયોગ સાંપડે તથા શિક્ષણની ગુણવત્તા સુધરે તે જોવાય છે. સતત મૂલ્યાંકન દ્વારા શ્રેષ્ઠત્વ મેળવનાર શાળાની સિદ્ધિઓને બિરદાવવામાં આવે છે. રાજ્યમાં જુદા-જુદા જિલ્લાઓમાં અનુપમ શાળા, અભિનવ શાળા, આનંદ શાળા, દિવ્ય શાળા, પંચશીલ શાળા, ગૌરવ શાળા - જેવા નવતર પ્રયોગોથી શૈક્ષણિક ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે.*

*ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ* **GCERT** *ના નામમાં જ (રિસર્ચ) સંશોધન મુખ્ય છે. વર્ગમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા સુધારણા સંદર્ભે ભવનના વ્યાખ્યાતાઓ દર વર્ષે ઓછામાં ઓછું એક લઘુસંશોધન હાથ ધરે છે. અત્યાર સુધીમાં પાંચસોથીય વધુ સંશોધનો હાથ ધરાયાં છે. આ સંશોધનોના સારાંશ તૈયાર કરાવી તેની વિવિધ ક્ષેત્રે અનુસાર આજ સુધી ૧૩ પુસ્તિકાઓ જી.સી.ઈ.આર.ટી.એ પ્રકાશિત કરી છે.*

*આ જ રીતે દરેક ભવન દ્વારા શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન હાથ ધરવા પૂરતું માર્ગદર્શન આપવામાં આવે છે. શાળાકક્ષાએ શિક્ષકો દ્વારા પોતપોતાની વર્ગખંડ સમસ્યાઓ સંદર્ભે ક્રિયાત્મક સંશોધનો હાથ ધરાયાં છે.*

*ગુજરાત પ્રાથમિક પરિષદ દ્વારા શિક્ષકોને સંશોધનો હાથ ધરવા પ્રોત્સાહન, માર્ગદર્શન અને આર્થિક સહાય આપવામાં આવે છે. આમ, સંશોધનોનો આધાર લઈને ગુજરાતમાં ગુણવત્તાસુધારની દિશામાં નોંધપાત્ર કામગીરી થઈ રહી છે.*

*જી.સી.ઈ.આર.ટી દ્વારા સમગ્ર રાજ્યમાં સિદ્ધિ-સર્વેક્ષણનું એક મોટું કાર્ય થઈ રહ્યું છે. સન ૧૯૯૮-૯૯થી દર બે વર્ષે શરૂ થયેલાં આ સર્વેક્ષણો આજે તેની પાંચ શ્રેણી પૂર્ણ થવા સુધી પહોંચ્યાં છે જે* **GAP** *નામે ઓળખાય છે. ગુજરાત એચિવમેન્ટ પ્રોફાઈલ અથવા ગુજરાત એચિવમેન્ટ એટ પ્રાઈમરી સ્ટેજનાં પ્રાપ્ત પરિણામોએ સેવાકાલીન તાલીમોના આયોજન માટે નીડબેઈઝ વ્યૂહરચના તૈયાર કરવામાં અત્યંત ઉપયોગી આધાર પૂરો પાડ્યો છે.*

**GAP**-*૫ માં દરેક તાલુકામાંથી ધો.૩ થી ૭ના ધોરણ દીઠ ૫૦ કુમાર અને ૫૦ કન્યા મળી ૧૦૦ વિદ્યાર્થીઓનો એચિવમેન્ટ સર્વે કરવામાં આવ્યો છે. તેમજ જે-તે તાલુકા મુજબ પ્રત્યેક વિષયમાંના કઠિન બિંદુઓ (***Hard Sport***) તારવવામાં આવ્યાં છે.*

ગુણવત્તાસુધારના ભાગ રૂપે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની સરકારી શાળાઓમાં ભણતા ધો. ૪ અને ધો. ૭ ના તમામ વિદ્યાર્થીઓ (અંદાજે ૨૦ લાખ) ની કસોટી લઈ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણના આધારે શાળાની કક્ષા નક્કી કરવી અને પ્રાપ્ત કક્ષાના આધારે જે-તે શાળાના શૈક્ષણિક કાર્યક્રમોમાં માર્ગદર્શન આપવાનું કાર્ય **GCERT** દ્વારા હાથ ધરાયું છે. સ્કૂલ ગ્રેડેશન પ્રોજેક્ટ (**SGP**) અન્વયે ડિસે.- ૨૦૦૮ અને ડિસે.- ૨૦૦૯માં આ કાર્યક્રમ સંપન્ન થયો, જેનાથી ઘણી જાગૃતિ આવી છે.

એન.સી.ઈ.આર.ટી. ન્યૂ દિલ્હીના માર્ગદર્શન હેઠળ પણ એચિવમેન્ટ સર્વે હાથ ધરાયો છે. જેમાં રાજ્યના પસંદ થયેલા અગિયાર જિલ્લાઓમાં જી.સી.ઈ.આર.ટી. ના માર્ગદર્શન હેઠળ કાર્ય ચાલે છે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા પીએચ.ડી. ના ઉચ્ચ અભ્યાસ માટે દર વર્ષે અનુદાન આપવામાં આવે છે.

શાળાનાં બાળકો આપણા સાંસ્કૃતિક વારસા તરીકે યોગશિક્ષણમાં રસ કેળવે તે ઉપરાંત તેમનામાં આસન, પ્રાણાયમની ટેવો દ્વારા ચારિત્ર્યનું નિર્માણ થાય તથા એકાગ્રતા, યાદશક્તિ અને સ્ફૂર્તિમાં વધારો થાય તે હેતુથી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં રોજની ૧૫ મિનિટનો યૌગિક ક્રિયાઓ માટે કાર્યક્રમ મૂકવામાં આવ્યો છે. આ માટે જી.સી.ઈ.આર.ટી. દ્વારા તૈયાર થયેલ સાહિત્યના આધારે રાજ્યકક્ષાએ તજ્જ્ઞો તૈયાર કરી તેમના દ્વારા સમગ્ર રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે. શિક્ષક તાલીમ દરમિયાન પણ આ બાબતને ફરજિયાત બનાવાઈ છે.

આજની અને આવતીકાલની પેઢી નીરોગી, સ્વસ્થ અને સલામત રહે તે હેતુથી ગુજરાત સરકારે ૨૦૦૮, ૨૦૦૯ ના વર્ષને 'નીરોગી બાળવર્ષ' તરીકે ઊજવ્યું. આ વર્ષની ઉજવણીના વિવિધ કાર્યક્રમો અપાયા. શિક્ષકો તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો જેના કારણે કેટલીક શાળાઓમાં 'હેલ્થ કોર્નર' ઊભા થયા. બાળકોનું આરોગ્ય, સમતોલ આહાર, પ્રાથમિક સારવાર, બાળરોગો અને તેના પ્રાથમિક ઉપાયો, શરીરની સ્વચ્છતા, શાળાસ્વચ્છતા, મધ્યાહ્ન ભોજન યોજના તરફી તકેદારી વગેરે વિષયોમાં ખૂબ જાગૃતિ આવી. આજે પણ નિરોગી બાળવર્ષની પ્રવૃત્તિઓ શાળાઓમાં ચાલુ છે. જી.સી.ઈ.આર.ટી. એ જુલાઈ-૨૦૦૮માં 'નીરોગી બાળ' વિશેષાંક પ્રકાશિત કર્યો. શિક્ષકોની તાલીમમાં 'નીરોગી બાળક' વિષયક મુદ્દાને સ્થાન આપ્યું. આ રીતે ગુણવત્તા સુધારમાં વિદ્યાર્થીની શારીરિક, માનસિક અને સામાજિક તંદુરસ્તી વિશેની સભાનતાનું કામ થયું છે.

પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી પૂરક સાહિત્ય પીરસતાં સામયિકો ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં વિનામૂલ્યે મોકલવામાં આવે છે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા 'જીવનશિક્ષણ' માસિક, 'વિજ્ઞાનસેતુ' ત્રિમાસિક પ્રકાશિત થાય છે. દરેક જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમી ભવનો પણ પોતપોતાના ન્યૂઝ લેટર/સામયિકો પ્રકાશિત કરે છે. ગુ.રા.શા.પા.પુ. મંડળનું 'બાલસૃષ્ટિ' માસિક પણ ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં વિનામૂલ્યે મોકલવામાં આવે છે જેમાં વિદ્યાર્થીભોગ્ય સામગ્રી પીરસાય છે. ગુજરાત પ્રાથમિક શિક્ષક પરિષદ દ્વારા પણ 'સરવાણી' પ્રકાશિત થાય છે. જી.સી.ઈ.આર.ટી.ની પ્રકાશન શાખા દ્વારા સમયાંતરે શિક્ષણ ઉપયોગ પ્રકાશનો હાથ ધરાય છે. 'જીવનશિક્ષણ' ના વિશેષાંકો પ્રકાશિત કરવામાં આવે છે. આ તમામ પ્રકાશનો દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નિરીક્ષકોની જાગૃતિ અને જ્ઞાનની સુધારણા દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવાનું પરિણામલક્ષી કાર્ય થઈ રહ્યું છે. તે

ઉપરાંત માહિતી ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું 'ગુજરાત' પાક્ષિક ગુજરાત વિકાસની બાબતો અને સાંપ્રત પ્રવાહોને વાચા આપે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી આજે કૂદકે ને ભૂસકે પ્રગતિની હરણફાળ ભરી રહ્યાં છે. આજના વિદ્યાર્થીને જ્ઞાનના વિસ્ફોટના આ યુગમાં જ્ઞાનસંપન્ન રહેવા અત્યાધુનિક પ્રવાહોથી પરિચિત રહેવું પડશે. વળી તેમને અધ્યાપન-કાર્ય કરાવતા શિક્ષકોએ તો ઘણું સજ્જ થવું પડશે. આ તમામ બાબતોને ધ્યાને રાખી ગુજરાતનું પ્રાથમિક શિક્ષણ પણ કાયાપલટ કરી રહ્યું છે. ગુજરાત સરકારે -

- શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં કમ્પ્યૂટરનું શિક્ષણ ફરજિયાત કર્યું છે.
- શિક્ષણની કચેરીઓએ પોતાની વેબસાઈટ શરૂ કરી છે.
- કમ્પ્યૂટર જ્ઞાનકેન્દ્ર યોજના અમલી બનાવી છે.
- 'જ્ઞાનરથ' યોજનાનો શુભારંભ કર્યો છે.
- વિડિયો કોન્ફરન્સ સેન્ટરો શરૂ કર્યાં છે.
- ટેલિ કોન્ફરન્સ અને વિડિયો કોન્ફરન્સથી તાલીમો આપવાનું શરૂ થયું છે.

ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, અમદાવાદ દ્વારા ૫ થી ૮ વર્ષની વયજૂથ તથા ૯ થી ૧૪ વર્ષની વયજૂથનાં બાળકો માટે તથા શિક્ષકો માટે શૈક્ષણિક કાર્યક્રમોનું નિર્માણ કરે છે. આ કાર્યક્રમોનું દૂરદર્શન ચેનલ ડીડી-૧૧ ઉપરથી સોમથી શુક્ર દરમિયાન ૧-૦૦ થી - ૧૦-૩૦ કલાકે પ્રસારણ કરવામાં આવે છે. આ કાર્યક્રમો મહદંશે શાળાઓ અને શિક્ષકોની મદદ દ્વારા તૈયાર થાય છે. આ સંસ્થા દ્વારા ૧૦૦૦થી વધુ શૈક્ષણિક ટેલિવિઝન કાર્યક્રમો નિર્માણ થયેલ છે. તથા અનેક વિડિયો કાર્યક્રમો પણ નિર્માણ થયેલ છે. વળી પ્રાથમિક શાળાઓને રંગીન, ટીવી સેટ્સ પણ વિતરણ કરવામાં આવેલ છે. નિયમિત પ્રસારિત થતા આ શૈક્ષણિક, જ્ઞાનવર્ધક તથા નૈતિક શિક્ષણના પાઠોનું શૈક્ષણિક ગુણવત્તામાં યોગદાન રહેલ છે. તમામ પ્રાથમિક શાળાઓમાં જતા 'જીવનશિક્ષણ' માસિકમાં આ કાર્યક્રમોના પ્રસારણનું સમયપત્રક એક માસ અગાઉ આપવામાં આવે છે.

ગુજરાતમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ખૂબ ખેડાણ થયેલું છે. છતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર ગુજરાતમાં પ્રાથમિક અને પ્રારંભિક શિક્ષણ ઉત્કૃષ્ટ બને તે હેતુથી એક વિશિષ્ટ યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે. આ ચિલ્ડ્રન યુનિવર્સિટીની રાજ્યની અધ્યાપન અને શિક્ષણને લગતી સંસ્થાઓને, વ્યવસ્થાતંત્રને તથા પ્રવર્તમાન માળખાને શ્રેષ્ઠ વ્યાવસાયિક પરામર્શ, સ્ત્રોત સહાય તથા માર્ગદર્શન પૂરું પાડશે. તે માટે જરૂરી સંશોધનો હાથ ધરશે. આવશ્યકતા અનુસાર પ્રશિક્ષણ કાર્યક્રમો/કાર્યશિબિરોનું આયોજન કરશે. પ્રાથમિક અને પ્રારંભિક શિક્ષણને નિરંતર અદ્યતન બનાવવા માટેની પ્રક્રિયા અમલમાં મૂકશે, શિક્ષક-પ્રશિક્ષણ સુધારણાનું કાર્ય કરશે. વિશેષ આવશ્યકતાવાળાં બાળકોના શિક્ષણને સહાયભૂત થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરશે. બાળમનોવિજ્ઞાનના અસરકારક ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપનપ્રક્રિયાને સરળ કરવામાં તેની મહત્વની ભૂમિકા રહેશે.

ગુણોત્સવ એટલે ગુણવત્તાનો ઉત્સવ' આ કાર્યક્રમ ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં તા. ૨૩, ૨૪ અને ૨૫ નવેમ્બર ૨૦૦૯ દરમિયાન યોજાયો. જેમાં શાળાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યું. ગુણોત્સવના માધ્યમ દ્વારા પ્રાથમિક શાળાઓની વિવિધ ભૌતિક જરૂરિયાતો, મધ્યાહ્ન ભોજન યોજના, બાળકોની ગુણવત્તા, શાળાની સ્વચ્છતા, પર્યાવરણ,

*પાણીની સુવિધા, સેનિટેશન, બાળકોની સ્વચ્છતા, તથા શાળાનું વહીવટી અને શૈક્ષણિક મૂલ્યાંકન વગેરે જેવી બાબતોની તપાસણી કરવામાં આવી.*

*ગુણોત્સવના આ મહાઅભિયાનમાં રાજ્ય સરકારના ત્રણેક હજાર જેટલા અધિકારી પદાધિકારીશ્રીઓ જોડાયા અને ત્રણ દિવસ દરમિયાન રાજ્યની નવ હજાર જેટલી શાળાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. ગુણોત્સવ દરમિયાન મળેલાં પરિણામોના સંદર્ભે જે વિદ્યાર્થીઓમાં કચાશ જોવા મળી છે. તેમનો વિકાસ થાય, તેમની શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો થાય તે માટે રિમિડિયલ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે 'ધોરણ-૩ થી ૪' અને '૫ થી ૭' ના કુલ બે પ્રકારના વર્ગોમાં વિભાજન કરીને ઉપચારાત્મક શિક્ષણકાર્ય કરવામાં આવી રહ્યું છે.*